# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો: અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૧૦૪૭૦/૨૦૧૯ તા.૧૫/૦૨/૨૦૧૯

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ પરિપત્રથી અત્રેની કચેરી દ્વારા ખરીદી અંગેની સુચનાઓ બહાર પાડવામાં આવેલ હતી જેને નીચેની વિગતે તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી માન્ય રાખવામાં આવે છે. જેથી નીચે દર્શાવ્યા મુજબના મુદ્દા નં. ૧ થી ૩ અન્વયે અમલવારી કરવા જણાવવામાં આવે છે.

૧ યુનિવર્સિટી સ્ટેચ્યુટ નં. એસ. ૧૨૧ની આઇટમ નં. ૬૭માં આપેલ નાણાંકીય સત્તા જેમ કે, યુનિટ અધિકારીને રૂા. ૧,૫૦૦/- અને યુનિવર્સિટી અધિકારીને રૂા. ૫,૦૦૦/- સુધીની ખરીદી પર્સનલ ઈન્કવાયરીથી કરી શકે છે, તે પ્રથા ભવિષ્યમાં ચાલુ રાખીને ખરીદી હાથ ધરી શકાશે.

૨ ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલમાંથી ખરીદી અંગેની ગાઈડ લાઈનના મુદ્દા નં. 3-B-b-i માં જણાવ્યા અનુસાર ખરીદી પ્રક્રિયા ભારત સરકારના જી.એફ.આર. રુલ્સ અથવા જે તે સંસ્થાના ખરીદી અંગેના પ્રવર્તમાન નિયમોલાગુ પાડી શકાશે.

જે વસ્તુઓ કે સેવાઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલમાં ઉપલબ્ધ ના હોય તેવી વસ્તુઓ અને સેવાઓ ખરીદવા / મેળવવા માટે જે તે વિભાગના વડા દ્વારા GeM પોર્ટલમાં એ વસ્તુ કે સેવા ઉપલબ્ધ નથી તે દર્શાવતું સ્ક્રીન શોટ અને સેવાની કે વસ્તુ ખરીદીની જરૂરીયાત અંગે વિગતવાર નોંધ તૈયાર કરી જે તે વિભાગ લેવલે ત્રણ સભ્યોની કમીટી બનાવી યુનિવર્સિટીની હાલની ખરીદી પ્રક્રિયા મુજબ આગળની કાર્યવાહી કરવા કમીટી ભલામણ કરશે અને ત્યાર બાદ જે તે વિભાગે યુનિવર્સિટીના સ્ટેચ્યુટ અને નિતી-નિયમો અનુસાર ખરીદી કરવાની રહેશે.

3 હાલમાં યુનિવર્સિટીની વિવિધ કામગીરી માટેની સેવાઓ જેવી કે સીક્યુરીટી, પ્રીન્ટીંગ માટે પ્રેસ પેનલ, કેટરીંગ કોન્ટ્રાકટસ, સફાઈ અને હાઉસ કીપીંગ, એ.એમ.સી. વગેરેને ટેન્ડર અને ઈ-ટેન્ડર દ્વારા તા.૩૧/૦૧/૨૦૧૯ પહેલા રેટ કે ભાવ મંજુર કરેલ હોય તો જે તે કામગીરીના ભાવો સદર કામગીરી જે તે ટેન્ડરની અવધી પૂર્ણ થાય ત્યાં સુધી ઉપયોગમાં લઇ કામગીરી કરાવી શકાશે.

અત્રેની કચેરીની અસલ નોંધ પર માન.કુલપતિશ્રીએ મંજુરી આપેલ છે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૧૦૨૧ /૨૦૧૯
તા.૨૧/૦૫/૨૦૧૯

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ,</u>

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
2. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.